# બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓ આર.આર.કાબેલ-વાઘોડિયા ઔદ્યોગિક એકમની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧૭

સાંપ્રત સમયમાં જ્યારે કમ્પ્યુટરાઈઝેશન અને ઓટોમેશનએ જીવન શૈલીનું અવિભાજ્ય અંગ બની રહ્યું છે ત્યારે આ વિષયોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ અને વિસ્તૃત માહિતી મેળવવા માટે આજે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડિઝ- બી.સી.એ.ના સેમિસ્ટર-૨માં અભ્યાસ કરતાં ૩૧૦ જેટલા વિદ્યાર્થીઓએ વડોદરાના વાઘોડિયા ખાતે આવેલી "આર આર કાબિલ"ના ઓટોમેશન પ્લાંટનો અભ્યાસ કરવા રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલા સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં કમ્પ્યુટરના વિવિધ વિષયોની જાણકારી અને પ્રેક્ટિકલનું જ્ઞાન મેળવે છે ત્યારે ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબનું પ્રેક્ટિકલ જ્ઞાન અત્યારથી મેળવે તે ખૂબ જ જરૂરી છે આ ઉમદા હેતુ સાથે આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ શાહે વધુમાં જણાવ્યું હતું કે આજે યુનિવર્સીટીનાં અભ્યાસક્રમો અને ઈન્ડસ્ટ્રીમાં વપરાતી લેટેસ્ટ ટેકનોલોજી વચ્ચેનું અંતર ઘટાડવા માટે સ્પષ્ટ ઉદ્દેશ્યો સાથેની ઈન્ડસ્ટ્રી વિઝીટ જ યોગ્ય વિકલ્પ છે એટલેજ આ કોલેજ દ્વારા દરેક સેમેસ્ટરમાં દરેક વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી એક ઈન્ડસ્ટ્રી વિઝીટનું આયોજન કરવામાં આવે છે.

ચાર દિવસની આ વિઝિટમાં વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીના ઈજનેરો દ્વારા ૫ અલગ અલગ ગ્રુપમાં કોપર ડિવિઝન, મલ્ટિપલ વાયર ડ્રૉઈંગ, બુન્ચિંગ અને આઈસોલેશન પ્રોસેસ સમજાવવામાં આવી હતી. કંપનીના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ વિષે વાત કરતાં એચ.આર. હેડ શ્રી નિરવે જણાવ્યુકે તમામ પ્લાન્ટ ISO સર્ટીફાઈડ છે જે કસ્ટમરને ક્વાલિટી આઉટકમ આપે છે.

આ વિદ્યાર્થીઓના ગ્રુપને વિવિધ યુનિટ વિષેની માહિતી બાદ વિદ્યાર્થીઓએ સાથે કંપનીના સીનિયર વાઈસ પ્રેસિડેંટ શ્રી રાજીવ ભાર્ગવ અને એચ.આર. મેનેજર શ્રી બાદલ બાચાની સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી જેમાં વિધાર્થીઓએ ઈન્ડસ્ટ્રીને લગતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું.

ઈન્ડસ્ટ્રી વિઝિટના આ આયોજનમાં જનરલ મેનેજર શ્રી વિક્રમ રાવલનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ વિઝિટનું સંપૂર્ણ આયોજન ડો. એસ. એમ. શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. જૈમિની કુલકર્ણી અને ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું, જેને સફળ બનાવવામાં કોલેજના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# પ્રા. ડૉ. રશ્મિકાન્ત મહેતાના પુસ્તક 'અમર વારસો'નું વિમોચન થયું



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના મૂર્ધન્ય સંસ્કૃતજ્ઞાતા પ્રા. ડૉ. રશ્મિકાન્ત મહેતા છેલ્લા ઘણાં સમયથી 'ગાંધીનગર સમાચાર'માં 'અમર વારસો' કોલમ ચલાવે છે. તે કૉલમ અંતર્ગત આ લેખમાળાના આશરે ૨૦૦ જેટલા લેખોનો સંગૃહિત કરતાં 'અમર વારસો' પુસ્તકનું ગત રવિવારે લોકાર્પણ થયું.

આ પ્રસંગે પ્રસિદ્ધ કટારલેખક અને સાહિત્યકાર ભાગ્યેશભાઈ જહા અને આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ હર્ષદભાઈ પટેલ અતિથિ વિશેષ અને ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષાના સ્થાનને કૃષ્ણકાન્ત જહાએ શોભાવ્યું હતું. ભારતીય સંસ્કૃતિની ઘણી વાતોને રસાળ અને સરળ શૈલીમાં આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પ્રા. ડૉ. રશ્મિકાન્ત મહેતાનું આ ૭૧મું પુસ્તક પ્રકાશિત થયું છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિક ગર્લ્સ હોસ્ટેલ, સેક્ટર-૨૩ દ્વારા ફુડ ફેસ્ટ







ગાંધીનગર, તા. ૧૭

ગર્લ્સ હોસ્ટેલમાં ચાલતા કુકીંગ વર્ગમાં તાલીમ લીધેલ વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરાયેલ હાઈજેનિક વિવિધ વાનગીઓનો ફુડ ફેસ્ટ તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦ને રવિવારે યોજાયો હતો.

જેમાં વિવિધ પ્રકારની રસની વાનગીઓનો લાભ દીકરીઓએ લીધો હતો. ૧૨૦૦ ડીસો બનાવવામાં આવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલ, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

# જીઆઈપીએસમાં શુભેચ્છા સમારંભ યોજાયો





ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં તા-૧૫/૨/૨૦૨૦ ને શનિવારના રોજ ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સંમારંભ ઉજવવામાં આવેલ હતો. તેમાં વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે શાળાના ટ્રસ્ટીશ્રી, ડાયેરકટરશ્રી તથા પ્રિન્સીપલ મેડમે આર્શીવચનો આપ્યા હતા. વિદ્યાર્થીઓને કુમકુમ અને અક્ષત લગાવીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ખાતે ટેકનીકલ સેમિનાર 'ફ્રિક્શન સ્ટિર પ્રોસેસિંગ'નું આયોજન




ગાંધીનગર, તા. ૧૭

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે 'ફ્રિક્શન સ્ટિર પ્રોસેસિંગ' વિષયનું ટેકનીકલ સેમિનારનું આયોજન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈજીનીયર્સ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વેલ્ડિંગ- પીડીપીયુ સ્ટુડેંટ ચેપ્ટર ના સંયોજન થી તારીખ ૧૫ ફેબ્રુઅરી ૨૦૨૦ના દિવસે કરેલ છે. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો શ્રી ડી. જી. શર્મા તથા શ્રી પી. કે. નાનાવટી હતા. ઉપરોક્ત તાલીમમાં ગુજરાત રાજ્યની વિવિધ ઈજનેરી કોલેજો અને યુનિવર્સીટીયો જેવી કે એસવીએનાઈટી, સૂરત, એમએસયુ બરોડા, નિરમા યુનિવર્સીટી, ઈંડુસ યુનિવર્સીટી, રાય યુનિવર્સીટી, ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટી, જીટીયુ અમદાવાદ અને પીડીપીયુ ખાતેથી ૬૪ બી.ઈ., એમ.ઈ. અને પીએચડી ના વિધાર્થીયોએ ભાગ લીધેલ છે જેનો મુખ્ય હેતુ વિધાર્થીયોને મટિરિયલ્સની આધુનીક પ્રોસેસિંગ પ્રક્રિયા ફ્રિક્શન સ્ટિર પ્રોસેસિંગ અને તેના રિસર્ચનું તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું હતું.

તાલીમનું ઉદઘાટન શ્રી. આર. જે. દવે, પુર્વ જોઈંટ ડાયરેક્ટર અને શ્રી બી. જે. પંચાલ, જોઈંટ ડાયરેક્ટર, ટેકનીકલ શિક્ષણ વિભાગના હસ્તે ડૉ. સ્વેતા. પી. દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર, ડૉ. આઈ. બી. દવે, મેટલર્જી વિભાગના વડા, ડૉ. વી. જે. બધેકા, ચેરમેન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વેલ્ડિંગ- પીડીપીયુ સ્ટુડેંટ ચેપ્ટર, શ્યામ વર્ગીજ અને શ્રી વિજય સોલંકી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈજીનીયર્સ તથા વિવિધ ખાતાના વડાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું.

# રામકૃષ્ણ પરમહંસ : કરોડો લોકોના આધ્યાત્મિક જીવનનો સાર



ભક્તિની પ્રતિમા, શીલ અને સમન્વયનું પ્રતિક અને ગઈ શતાબ્દિની એક અસાધારણ વિભૂતિ ઠાકુર રામકૃષ્ણ પરમહંસનું પૃથ્વી ઉપરનું અવતરણ ઈસવી સન ૧૮૩૬ના ફેબ્રુઆરીની ૧૮મી તારીખે બંગાળના કામારપુકુરમાં સાધુચરિત પિતા ખુદીરામ ચટ્ટોપાધ્યાય અને ઈશ્વરનિષ્ઠ માતા ચંદ્રમણિદેવીને ત્યાં થયેલ. આ સુંદર અને આકર્ષક બાળકનું બચપણનું નામ ગદાધર હતું.

રામકૃષ્ણે એકડો પણ ન ઘૂટેલ પરંતુ જે કથા, સ્ત્રોત્ર કે રામલીલા સાંભળતા, તેને બીજા દિવસે આબેહુબ ભજવી બતાવતા. મૂર્તિઓમાં રામ-કૃષ્ણનાં દર્શન કરતા. કૃષ્ણને સ્વામી તરીકે પ્રાપ્ત કરવા સ્ત્રી વેશ ધારણ કરતા રામકૃષ્ણે અઢી હજાર વર્ષ પહેલા મહાવીરે જેમ સ્ત્રી-પુરુષમાં ભેદ ન કર્યો તેમ તેમણે પણ સ્ત્રી-પુરુષમાં કોઈ ભેદ ન જોયા. ક્યારેક કુદરત અને કુદરતની બનાવેલી દુનિયા જોવામાં દેહભાન વીસરી ભાવસમાધિમાં લીન થઈ જતા..બેહોશ થઈ જતા. ક્યારેક ઝાડ ઉપર તો ક્યારેક કબ્રસ્તાનમાં જઈ સાધના કરતાં. તેમનો ભક્તિભાવ સર્વાંગીણ અને વિવેકપૂર્ણ હતો. કલકત્તાના રાણી રાસમણીએ દક્ષિણેશ્વરમાં બનાવેલા કાલીમંદિરના પૂજારી બનાવ્યા. પૂજા અર્ચનાને લીધે ધ્યાન ધરવા તરફ દોરાયા, અવાવરુ અને કાંટાળી ઝાડીઓમાં રાત્રે ધ્યાન ધરતા. 'ગીતા'માં કહ્યું છે કે તેમ આધ્યાત્મિક ઉન્નતિની સાથે અંદરથી 'હુંપણા'નો ભાવ પણ મટતો જાય છે. ધ્યાન દરમિયાન કલ્પાંત કરતા, આંખો સુઝી જતી, વસ્ત્રો ઉતારી દેતા, જનોઈ બાજુ પર મૂકી પુજાના પુષ્પો પોતાને માથે ચઢાવતા, જોર જોરથી ધ્રુજવા માંડતા, ચહેરો જમીન ઉપર રગદતાં રગદતાં 'મા', 'મા' ના પુકારો સાથે કાલીમા સાથે રૂબરૂ સંવાદ કરતા. માતાજીના નાક સામે હથેળી ધરતા અને માતાજીના શ્વાસોચ્છ્‌વાસનો અનુભવ કરતા. માથુર બાબુ કહેતા કે 'તેઓ આપણા ભણી આવતા તો જાણે મા કાલી આવી રહ્યા છે અને પાછા ફરતા તો લાગતું ભગવાન શિવ જઈ રહ્યા છે તેમ લાગતું.'

પત્નિ શારદામણિદેવી વિશે રામકૃષ્ણ કહેતા કે 'એ શારદા છે. સરસ્વતી છે, જ્ઞાન દેવા માટે આવી છે, એ મારી શક્તિ છે.' વિકાર રહિત જીવન જીવતાં અને ભારતીય નારીના આદર્શરૂપ શારદામણિદેવીને રામકૃષ્ણની મહાસમાધિ વખતે કોઈયે કંકણ ભાંગી નાખવા કહ્યું, ત્યારે તેમણે ના પાડી કહ્યું. "એ ક્યાં ગયા છે ? એ તો છે જ !"

ગુરૂ તોતાપુરીજીએ ગદાધરનું પોતાનું શ્રાદ્ધ અને પિતૃશ્રાદ્ધ કરાવી દિક્ષા આપી વેદાંતનો સૌથી અમૂર્ત, વૈચારિક અને કઠિન ભાગ અદ્વૈત વેદાંત શિખવ્યો. અને ત્યારબાદ ગુરુજી તરફથી તેમનું નામ રામકૃષ્ણ અને પદવી પરમહંસ મળી. 'પરમહંસ' એટલે ફોતરાં ફેંકી અને સાર ગ્રહવો.

સૌથી પહેલાં રામકૃષ્ણને 'અવતાર' કહેનાર બંગાળી સંન્યાસીની ભૈરવીએ તેમને ચોસઠ તંત્રગ્રંથોમાં કહેલી તાંત્રિક સાધનાઓ શીખવી. સમભાવ અને સર્વગુણસંગ્રહ સમન્વયતત્વ ધરાવતા રામકૃષ્ણએ શ્રીયુત માઈકલ મધુસૂદન પાસેથી ખ્રિસ્તી ધર્મની સાધના કરીને ઈશુના દર્શન કરેલ. ફકીર જેવો વેશ પહેરી વખતસર નમાજ અદા કરતા. કાલી મંદિરમાં તેઓ જૈન તીર્થંકર,




જિસસની છબીઓ રાખતા.

સ્વામી દયાનંદ સરસ્વતી તો કીધું કે 'અમે બધાં તો શાસ્ત્રોનું મંથન કરીને માત્ર છાશ પીએ છીએ . પણ આ મહાપુરુષે તો માખણ ખાધું છે.'

"ઈશ્વર નથી એમ તું કહે છે પણ ઈશ્વરને માટે તેં કદી તાલાવેલી અનુભવી છે ? ...હૈયાફાટ વિલાપ કર્યો છે ? માણસો સ્ત્રી, બાળક કે ધન માટે ખોબો આંસુડાં પાડે છે, પણ ઈશ્વર માટે ક્યાં ? તો ઈશ્વર તેમને ક્યાંથી મળે ? મેં ઈશ્વર માટે માથાં પછાડ્યાં છે... રોજ સાંજ પડ્યે મંદિરની આરતી થાય અને હું ચીસ પાડી ઊઠતો, કપાળ કૂટીને કહેતો: 'ઓ મા , જિંદગીનો એક દિવસ તો વીતી ગયો... મા, મારે જ્ઞાન નથી જોઈતું , કીર્તિ નથી જોઈતી, માત્ર તું જ જોઈયે છે.'

''આવા અહંમશૂન્ય સંવાદો ગંગા કિનારે મંદિરના મામૂલી ઓરડામાં થયેલા જે 'રામકૃષ્ણ કથામૃત 'નામના પુસ્તકમાં સચવાયેલા છે. રોમાં રોલાએ મૂળ ફ્રેન્ચમાં લખેલા ચરિત્ર 'રામકૃષ્ણ પરમહંસ 'માં કહ્યું કે 'એમનું જીવન એ બે હજાર વર્ષના હિન્દુસ્તાનના ત્રીસ કરોડ લોકોના આધ્યાત્મિક જીવનનો સાર હતો. મોટાભાગે બંગાળીમાં ઉપદેશ આપતાં રામકૃષ્ણે પોતાના અનુભવ દ્વારા જણાવ્યું કે ઈશ્વરપ્રાપ્તિ માટે પહાડ, ગુફા, તીર્થ જવાની જરૂર નથી પણ પોતાના સ્વભાવમાં સ્થિત રહેવું એ જ તારો ધર્મ છે.. એટલે જ હરદાનમુનીએ કીધું છે કે :

હરિને ભજનને માટે હેમાળે ન જાવું, હેમાળે ન જાવું, પણ હૈયું હેમાળો બનાવવું...

ગાંધીજીએ કહ્યું કે રામકૃષ્ણ સાધુતાની જીવંત મૂર્તિ હતા. તેમના વચનો માત્ર પંડિતનાં વાક્યો નથી, પરંતુ એ તો જીવનરૂપી ગ્રંથનાં પાનાં છે.

રામકૃષ્ણે દેશના સ્વત્વને જાગ્રુત કર્યું અને તે સ્વત્વને બહારના જગત સાથે સંબંધ બાંધવા માટે અને ધર્મ દ્વારા દેશભક્તિ કેવી સરસ કેળવાય છે તેનો ખ્યાલ આપનાર વિવેકાનંદ આપણને આપ્યા.

- (મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧
sscharan_aaa@yahoo.co.in


## ડાયરેક્ટ ❤ સે

ભૂલ કરવા માટે
કોઈ પણ સમય સારો
નથી...
પરંતુ.... થઈ ગયેલ
ભૂલને સુધારવી હોય
તો, કોઈ પણ 'સમય'
ખરાબ નથી...

## જન્મદિને વધામણી



**ભાગ્યેશ જહા**
જાણીતા કવિ અને વક્તા
અધ્યક્ષ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન
મો. ૯૯૭૮૪ ૦૭૬૦૧



**ગિરીશકુમાર ઓ રાવલ**
મેનેજિંગ ટ્રસ્ટી, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૦ ૩૫૩૮૩



**બહેચરભાઈ પી પ્રજાપતિ**
સહયોગ મંડળ, ગાંધીનગર
મો. ૯૧૦૬૨ ૦૨૨૩૯



**રાજ**
**પ્રદીપકુમાર ગગલાણી**
એમબીબીએસ
મો. ૯૮૨૪૨ ૮૬૧૨૧



**સોનલ રમેશભાઈ પરમાર**
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨



**આયેશા બ્લોચ**



**ધૈર્ય એચ શર્મા**
મો. ૯૭૧૪૯ ૧૫૫૯૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક